શહેરમાં શૌચાલયની અછતથી નગરજનોને ભારે હાલાકી

પથરી, પ્રોસ્ટેટ તથા કીડનીના મુત્રાસયને લગતાં રોગો વધી રહ્યા છે, વૃધ્ધોને ભારે મુંઝવણ

ગાંધીનગર, તા. ૨૧

રાજયનું પાટનગર સુવિધાયુક્ત અને નગરરચના થકી વિશ્વભરમાં વખણાઈ રહ્યું છે.

શહેરની નગરરચના સમયે શૌચાલય અંગે ચોક્કસ સ્થળો અને સંજોગોને ધ્યાને લેવાયા ન હોવાથી હાલ કુદકે ને ભુસકે આગળ વધી રહેલા શહેરમાં શૌચાલયની અછત વર્તાઈ રહી છે. જેથી બહારથી આવતા મુલાકાતીઓ તેમજ નગરજનો લઘુશંકા બાબતે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. તંત્ર આ બાબતે ગંભીરતાથી વિચારણા કરે અને પ્રાથમિકતા આપે તેવી નગરજનોની માંગ છે.

ગાંધીનગર શહેરની રચનામાં કક્કાવારી તથા અંકને પ્રાધાન્ય અપાયુ છે. જેમાં ક, ખ, ગ થી જ જેવા મુખ્ય માર્ગો તેમજ તેને ક્રોસ કરતા અંક આધારીત માર્ગો બનાવાયા છે. સરકારી મકાનો, સોપીંગ સેન્ટર તથા ખાનગી મકાનો અને પ્લોટો શરૂઆતમાં શહેરના વિશાળ ક્ષેત્રફળમાં આવરી લેવાયા હતા. નિશ્ચિત સ્થળો એ જ શોપીંગ સેન્ટર તથા મકાનો હોવાથી શૌચાલય જેવી બાબત ગૌણ બની હતી. તેમજ તે સમયે વસ્તી અને વિકાસ ખુબ જ ઓછો હોવાથી શૌચાલયની સમસ્યા ઉભી થતી નહોતી.

પરંતુ ત્વરિત ગતિએના વિકાસ, વસ્તી વધારો અને વિશ્વફલક ઉપર ગાંધીનગર શહેર ખુબ જ જાણીતુ અને મુલાકાતીઓ માટે આકર્ષિત બની ગયું છે. તેમજ શહેરમાં દૈનિક અનેક લોકો મુલાકાતે તથા ધંધારોજગાર અર્થે આવે છે અને શહેરના નગરજનો પણ સવાર સાંજ શહેરમાં હરવા ફરવા અર્થે નિકળતા હોય છે. આ તમામ લોકો પ્રાથમિક લઘુ શંકા માટે હાંફળા ફાંફળા રહેતા હોય છે. નગરજનો અને આવતા લોકો ચોક્કસ સ્થળોએ જ શૌચાલય હોવાથી શહેરમાં ગમે તે જગ્યાએ આડસની શોધ કરી લઘુશંકા કરી લેતા હોય છે. માનવશરીરની કેફીયત અને તબીબોના પરીક્ષણ મુજબ લઘુશંકા રોકી રાખવાથી અનેક રોગો ઉભા થતા હોય છે.

શહેરમાં શૌચાલયના અભાવે હાલમાં નગરજનો મુત્રાશય લગતા રોગોનો ભોગ વધુ બની રહ્યા છે. જેમાં પથરી, પ્રોસ્ટેટ અને કીડનીને લગતા મુખ્ય રોગ વધુ છે. વૃદ્ધો અને બિમાર વ્યક્તિઓ હાલ આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. હાલ શહેરના દરેક સેક્ટરમાં શોપીંગ ઉભા થઈ ગયા છે ઠેરઠેર દુકાનો અને વ્યવસાયીક આવાસો શરૂ થયા છે. છતાં પણ લઘુશંકા અર્થેની વ્યવસ્થા ન હોવાથી માર્ગો ઉપર શરમજનક દૃશ્યો જોવા મળી રહ્યા છે. જે પણ લોકોની મજબુરી હોવાનું પ્રથમ દૃષ્ટિએ ફલિત થાય છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એમ. બી. પટેલ વિદ્યાલય ખાતે આર્જેન્ટીનાથી 'ગ્રેબીયેલા મેડમે' મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય આશય એ.એફ.એસ. (સ્ટુન્ડ એક્ષચેન્જ પ્રોગ્રામ) દ્વારા વિદ્યાર્થીઓ અને શાળાકીય વાતાવરણ વિશે માહિતી મેળવવાનો હતો. જે દ્વારા આગામી દિવસોમાં ભારત અને આર્જેન્ટીના વચ્ચે કલ્ચર અને સ્ટુન્ડ એક્ષચેંજ કાર્યક્રમ થઈ શકે. ત્યારબાદ એલ.ડી.આર.પી. ખાતે સર્વ વિશ્વ વિદ્યાલયનાં ચેરમેન વલ્લભભાઈ પટેલ સાથે મુલાકાત અને ચર્ચા કરી હતી. જે દ્વારા તેમને ભારતીય શિક્ષણના માળખાને તેમજ કડી સર્વ વિશ્વ વિદ્યાલયને વધુ નજીકથી જાણી શક્યા હતા. સંસ્થા અને શાળા પરિવાર વતી આર્જેન્ટિનાથી પધારેલા આ ગ્રેબીયેલા મેડમનું પરંપરાગત અનુસાર કંકુ - તિલકથી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ એમ. બી. પટેલનાં આચાર્યશ્રી અર્વિન ક્રિશ્ચિયન અને શિક્ષકો સાથે પણ વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

ઊંઝામાં રખડતા ઢોરે બાળકને હડફેટમાં લેતા મહિલાઓમાં આક્રોશ

મહિલાઓના ટોળાએ નગરપાલિકામાં ઘસી જઈ રજૂઆત કરી

ઊંઝા, તા. ૨૧

ઊંઝા શહેરના વોર્ડ નં. ૫ ના બહારમાઢ અને લાલવાડી વિસ્તારની ૫૦૦ ઉપરાંત મહિલાઓએ શહેરમાં રખડતા પશુઓના ત્રાસ અને અકસ્માતના બનાવોને લઈને આજે બપોરે સ્થાનિક નગરપાલિકામાં જઈ પાલિકા સત્તાધિશો તરફથી રખડતા પશુઓ સામે યોગ્ય કાર્યવાહી કરવા ઉગ્ર રજૂઆત કરી હતી. મહિલાઓનું ટોળુ પાલિકા કચેરીમાં ઘુસી ગયું હતું. અને સત્તાધિશોના છાજીયાં લીધા હતા. બાદ પાલિકાના મુખ્ય અધિકારી ગરીબ કલ્યાણ મેળામાં ગયેલ હોઈ તેમની ગેરહાજરીમાં પાલિકાના વહીવટી અધિકારીને એક આવેદનપત્ર સુપરત કર્યું હતું. આવેદનપત્રમાં બહારમાઢ, લાલવાડી તેમજ શહેરમાં રખડતા ઢોરોને નિયંત્રણમાં લઈ પશુઓના માલિકો સામે કડક પગલાં ભરવા જણાવ્યું હતું.

ઊંઝા શહેરમાં છેલ્લા ઘણા સમયથી માલધારી સમાજના પશુપાલકો પોતાના પશુઓને શહેરમાં છુટા છોડી દે છે જેથી રખડતા ઢોરોથી નાના બાળકો, સગર્ભા મહિલાઓ, વૃદ્ધોને અડફેટમાં લઈ શારીરિક ઈજાઓ પહોંચાડે છે. આ બાબતે પાલિકામાં રજૂઆત કરવા છતાં કોઈ પગલા ભરાતા નથી. રખડતા ઢોરો શહેરમાં ટ્રાફિકને પણ અડચણરૂપ બને છે. બે દિવસ પૂર્વે બહારમાઢ વિસ્તારમાં એક નાના બાળકને રખડતા પશુએ શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

ખાસ મુલાકાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેવા પડ્યા. વિચારો બધાની શું હાલત થઈ હશે પણ બધા જ કલાકાર કસબીઓના અભૂતપૂર્વ સહયોગથી આ શોટ ઓકે થયો અને આ શોટને ફીલ્માંવતા પડેલી બધી જ મુશ્કેલી એ જાણીને આનંદમાં પલટાઈ ગઈ કે ફિલ્મ જોનાર દરેકને આખી ફિલ્મમાં આ દ્રશ્ય સૌથી શાનદાર અને હૃદયસ્પર્શી લાગ્યું .

ફિલ્મના પ્રમોશન અને પબ્લીસીટી વિષે કૈક જણાવો

ગુજરાતી ફિલ્મોને પ્રમોટ કરવા વધારે માધ્યમો નથી એટલે સોશિયલ મીડિયા જ સૌથી વધુ અસરકારક અને બધા સુધી ઝડપથી પહોચી શકાય એવું મીડીયમ કહી શકાય. અમે સોશિયલ મીડિયા પર યુવાનો ને ટાર્ગેટ કરી ને એમના દ્વારા વડીલો સુધી પહોચવાની નીતિ અપનાવી અને અમે સફળ થયા. યુવાનો એ ફિલ્મને વખાણી અને ઘરના કે બીજા વડીલો ને ફિલ્મ જોવા થીયેટર સુધી ખેચી લાવવામાં સિંહફાળો આપ્યો તો સાથે સાથે એ વાત પણ સાબિત થઈ કે ગુજરાતી યુવાનો સારી વસ્તુ નો પ્રચાર અને એ જાણકારી વહેચવા માટે હમેશા તૈયાર જ હોય છે .

ફિલ્મની રીલીઝ ની સાથે જોડાયેલી કોઈ ખાસ વાત ?

બે યાર પહેલા જ વીકમાં ૪૩ શો સાથે ગુજરાત ભરમાં રીલીઝ થઈ અને આજે ચોથા વીકમાં ગુજરાતી પ્રજાના પ્રેમ અને એમણે ફિલ્મને આપેલા બહોળા આવકાર ને લીધે બે યાર ૧૨૭ શોઝ માં ચાલી રહી છે અને એ પણ નાના સેન્ટરોની સાથે સાથે લગભગ બધા જ મલ્ટી પ્લેક્ષમાં રોજીંદા શો પ્રદર્શિત થઈ રહ્યા છે. ગુજરાતી ફિલ્મ માટે આ સીમાચિન્હ રૂપ ઘટના છે આ માટે અમે ગુજરાતની જનતા અને ખાસ કરીને યુવાનોના ખુબ આભારી છીએ. ગુજરાત બહાર પુના અને મુંબઈમાં પણ બે યાર રીલીઝ થઈ ચુકી છે અને ઓક્ટોબરમાં અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં પણ બે યાર રીલીઝ થવા જઈ રહી છે .

બે યાર નો યુએસપી તમે શેને ગણો છો ?

બે યાર ની સૌથી મોટી યુએસપી એ છે કે બે યાર સંપૂર્ણ ગુજરાતી ફિલ્મ છે જેમાં બોલીવુડના નામાંકિત ગુજરાતી અભિનેતાઓએ એટલા માટે કામ કર્યું છે કે એમણે મૂળ ગુજરાતી તરીકે ગુજરાત પ્રત્યેની ફરજ નિભાવવી છે આ સિવાય યુવાનોને અપીલ કરતી વાર્તા, એકદમ સાહજિક સંવાદો અને સક્ષમ અને મજબુત પટકથાને લીધે જોનાર ગુજરાતી ભાષામાં ટોટલ બોલીવુડ ની ફિલ્મ જોતા હોય એવો રોમાંચ અનુભવે છે.

કેવી રીતે જઈશ થી બે યાર કઈ રીતે અલગ પડે છે ?

કેવી રીતે જઈશ ની જબરદસ્ત સફળતાને ધ્યાનમાં લેતા બે યાર બનાવતી વખતે જ ખ્યાલ હતો કે લોકો બંને ફિલ્મની તુલના ચોક્કસ કરશે અને બે યાર થી દર્શકોને પણ વધુ અપેક્ષા રહેશે એ સ્વાભાવિક છે ઈનફેક્ટ એટલે જ અમે બે યાર ને કેવી રીતે જઈશ થી વધુ બહેતર બનાવવાનો ખાસ ખ્યાલ રાખેલો.. કેવી રીતે વખતે આખી ટીમ નવોદિતો ની હતી પણ બે યાર ની ટીમ માં અમે બોલીવુડ માં સ્થાન જમાવી ચુકેલા અને અનુભવી કહી શકાય એવા કસબીઓ લીધા .આ ઉપરાંત ગુજરાતી ફિલ્મો માં -થમ વાર કોર્પોરેટ કમ્પનીઓ અને મલ્ટીપ્લેકશોને પણ ફિલ્મ સાથે જોડ્યા . કેવી રીતે વખતે થયેલી ભૂલો રીપીટ ના થાય એનું ધ્યાન રાખીને બે યાર જેવી અત્યાર સુધીની સૌથી મોટી ગુજરાતી ફિલ્મ દર્શકોને આપવાનો -યાસ કર્યો છે

કેવી રીતે જઈશ અને બે યાર - એક દિગ્દર્શકની નજરે કઈ ફિલ્મ દિલ ની વધુ નજીક ? બંનેમાંથી કઈ વધુ સંતોષકારક ? ... કે હજુ બે યાર વધુ સારી બની શકી હોત ?

આજે પણ લોકો અમને કેવી રીતે જઈશ વાળા તરીકે જ ઓળખે છે અને બે યાર ની પ્રગતિમાં કેવી રીતે જઈશ એ ખોલી આપેલા અનેક દરવાજાઓનો અમુલ્ય ફાળો છે કે જેના લીધે અમે બે યાર જેવી ફિલ્મ દર્શકોને આપી શક્ય એટલે મારી કેરિયર માં હું ગમે એટલો આગળ વધુ પણ મારી અને મારી ટીમની સફળતામાં કેવી રીતે જઈશ નો ફાળો હમેશા આગવો જ રહેશે ઈનફેક્ટ અમે તો બે યાર ના પોસ્ટર્સ માં પણ ફ્રોમ ધ મેકર્સ ઓફ કેવી રીતે જઈશ એમ જ લખ્યું છે કારણ કે કેવી રીતે જઈશ જ અમારી ઓળખાણ છે . હું તો એટલે સુધી કહીશ કે કેવી રીતે જઈશ એ અમારી અટક છે જેને કદી ભૂલી કે ભૂસી નહિ શકાય. રહી વાત કઈ વધુ દિલની નજીક છે તો એક સર્જક માટે સર્જન પુરતું કૃતિ સાથે રહેવું વધુ અગત્યનું છે . તમે માનશો નહિ પણ હું આજે પણ કેવી રીતે જઈશ પુરેપુરી નથી જોઈ શકતો કારણ કે મને એમાં ઘણી ભૂલો દેખાય છે અને એ જ પરીશ્થીતી નું પુનરાવર્તન બે યાર જોતી વખતે પણ થાય છે એટલે ભૂલોમાં થી શીખવાની ભાવના સાથે આગળ વધવું એ જ લક્ષ્ય છે કેમકે હજુ ઘણું કરવાનું - કહેવાનું બાકી છે . હજુ તો શરૂઆત છે એટલે એટલે બંને માં થી કઈ ફિલ્મ દિલની નજીક છે એ કહેવું જ મુશ્કેલ છે પણ અનેક ભૂલો છતાય કેવી રીતે જઈશ ચોક્કસપણે મારા દિલની વધુ નજીક છે કારણ કે એ મારી પહેલી ફિલ્મ છે.

ખોસલા કા ઘોસલા ને મળતી આવતી વાર્તા ? અર્ચન ત્રિવેદી, સોનલ અંબાની, તુષાર શુક્લા, જય વસાવડા જેવા દિગ્ગજો પાસે કેમીઓ કરાવવાનું કારણ ?

ફિલ્મમાં ગાળો ની માત્રા ઘણી જ ઓછી છે અને જે છે એને પણ જો કોઈ ગાળો ગણતું હોય તો એ આક્ષેપ ખોટો છે કેમકે જે સંવાદોમાં બોલાય છે એ તો રોજબરોજ ની બોલચાલની ભાષા જ છે અને ગાળો તો આનથી પણ ક્યાય નીચી કક્ષાના શબ્દો માટે ગણી શકાય. ખોસલા કા ઘોસલા ની સાથે સરખામણી એટલા માટે નાં કરી શકાય કેમકે મૂળ વિષયવસ્તુ આ પ્રકારની મોટાભાગની ફિલ્મો માં સરખું જ રહેવાનું જેમ સ્પોર્ટ્સ ની વાત કહેતી ફિલ્મ માં સ્પોર્ટ્સ કોમન રહેવાનું એ જ રીતે . આવા દિગ્ગજો એ કેમિયો રોલ કર્યા છે એમને એક કલાકાર તરીકે નહિ પણ અંગત મિત્રો ને હિસાબે ફિલ્મમાં સમાવ્યા છે એમ તો આ દિગ્ગજો સિવાય મેં પોતે , મારી ટીમમાં થી નીખીલ, નીરજ જેવા બીજા પણ અનેક મિત્રો છે જેમનો કેમીઓ છે . જયાં સુધી વાર્તા ને નુકશાન ના પહોચતું હોય ત્યાં સુધી આવા દિગ્ગજો નાના રોલમાં નજરે પડે એમાં મને કાઈ ખોટું નથી લાગતું અને આનાથી ફિલ્મ જોનારને પણ મજા પડે છે .

ગુજરાતી ફિલ્મ દર્શક ને કોઈ સંદેશ ?

ગુજરાતી ફિલ્મ દર્શકની છેલ્લા ત્રણેક દાયકાથી એક ફરિયાદ હતી કે જોવા જેવી ગુજરાતી ફિલ્મો બને છે જ ક્યાં ? અને એ બાબત માં દર્શકો સાચા હતા કારણકે અમે ફિલ્મમેકરો એવી ફિલ્મો બનાવતા જ નહોતા પણ હું દર્શકોને કહેવા માંગું છું કે હવે તમારી મનગમતી વાર્તાઓ વાળી, સ્વચ્છ અને સારી ફિલ્મો બનતી થઈ છે, રજુ થઈ રહી છે તો એને સિનેમાઘરોમાં નિહાળવા જઈને ચોક્કસ સપોર્ટ કરે જેથી આપણે પણ ગર્વથી દુનિયાભર ને કહી શકીએ કે યસ અમે પણ સારી ફિલ્મો બનાવીએ છીએ. અત્યાર સુધી મરાઠી , મલયાલમ કે બીજી ભાષાની ફિલ્મનો દર્શક આપણને ગુજરાતી ફિલ્મ વિષે પૂછતો તો આપણું માથું નીચે જુકી જતું પણ હવે એવું નથી. સારી ફિલ્મોને વધાવીએ. જેટલી બીક ગ્લોબલ વાર્મિંગથી ધરતી ને બચાવવાની છે એટલી જ બીક આપણી ગુજરાતી ભાષા અને સંસ્કૃતિને નષ્ટ થતી બચાવવાની પણ રાખવાની જરૂર છે અને જો એ નહિ બચી શકે તો ભવિષ્ય અંધારામાં છે. સિનેમા અને સાહિત્ય બંને એવા માધ્યમો છે કે જેનાથી આપણે આપણી ભાષા અને સંસ્કૃતિને બચાવી શકીએ છીએ અને એટલા માટે પણ મારી દરેક ગુજરાતી દર્શક ને આગ્રહભરી વિનંતી છે કે વધુ નેવધુ લોકો બે યાર અને બીજી સારી ગુજરાતી ફિલ્મોને સહર્ષ વધાવે અને બીજાને એના વધામણા કરવા પ્રોત્સાહિત કરે .

૭૦૦૦ વનબાંધવને જમીનના હકપત્રો વિધિવત સોંપી દેવાયા

વનવાસી ક્ષેત્રમાં વિકાસ ઉત્સવની ઉજવણી : મહિલા દૂધ ઉત્પાદન મંડળીને પશુ ખરીદવા ૬૬ લાખની સહાય : મુખ્યમંત્રી આનંદીબેન દ્વારા વિવિધ લાભ અપાયા

અમદાવાદ,તા.૨૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે દક્ષિણ ગુજરાત પ્રદેશના છ જિલ્લાના ૭૦૦૦ વનવાસી પરિવારોને જમીન અધિકાર પત્ર વિતરણ કરતા જાહેર કર્યું હતું કે, આદિજાતિ બાંધવોને જમીન હક્ક પત્ર વિતરણને પગલે પગલે, વિકાસની મુખ્યધારામાં લાવવા વિવિધ યોજનાઓના લાભોમાં પણ અગ્રિમતા અપાશે. આનંદીબેને વલસાડ જિલ્લાના દુર્ગમ આદિજાતિ ક્ષેત્ર કપરાડા તાલુકાના નાનાપોંઢામાં વલસાડ, ડાંગ, તાપી, સૂરત, નવસારી અને ભરૂચ જિલ્લાના વનવાસી પરિવારોને સમગ્રતયા ૧૫ હજાર હેક્ટર જમીનના અધિકારપત્રો એનાયત કર્યા હતા. આ જમીનોની અંદાજિત કિંમત ૧૦૦ કરોડ થવા જાય છે. મુખ્યમંત્રીએ તે સાથે જ વન વિભાગની વિવિધ યોજનાઓના ૪૩૭૦ લાભાર્થીઓને રૂપિયા ૧૧ કરોડની સહાયના ચેક, પાંચ મહિલા સહકારી દૂધ ઉત્પાદન મંડળીઓના ૧૭૫ સભાસદ બહેનોને પશુ ખરીદવા ૬૬.૪૦ લાખની સહાય પણ અર્પણ કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સરકારોનું દાયિત્વ સોના વિકાસની સમાનતાનું હોવું જોઈએ તેવો સ્પષ્ટ મત વ્યક્ત કરતા કહ્યું હતું કે, ગુજરાતમાં ગરીબો, વંચિતોના વિકાસને વેગવાન બનાવ્યો છે. તેમણે આદિજાતિ વર્ગોને આર્થિક, સામાજિક ઉત્કર્ષ માટે શિક્ષણ, સ્વચ્છતા અભિયાનને અસરકારક બનાવવાની હિમાયત કરતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત ગુજરાતમાં ૮૫ લાખ વંચિતો, ગરીબોના બેંક ખાતા ખૂલ્યા છે. આર્થિક સુરક્ષાનો આ લક્ષ્યાંક ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪ પહેલા પૂર્ણ કરવો છે. આદિવાસી અધિકાર અને સશક્તિકરણ કાર્યક્રમ દરમિયાન પ્રાસંગિક ઉદ્બોધન કરતા વન અને પર્યાવરણ તથા આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી ગણપતસિંહ વસાવાએ, પોતાના ખૂન અને પસીનાથી, વર્ષોથી જમીન ખેડતા વનબંધુઓને ભૂતકાળની સરકારોએ સતત અન્યાય કર્યો છે ત્યારે, ગુજરાત સરકારે વર્ષોથી જમીન ખેડતા આદિવાસી લાભાર્થીઓને જંગલ જમીનના અધિકારપત્રો આપવાની કામગીરી હાથ ધરી છે તેમ જણાવ્યું હતું.

મિસ કોલ કરો શૌચાલય મેળવો સર્વિસનું ઉદ્ઘાટન

અમદાવાદ,તા.૨૧

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ઘર ઘર શૌચાલય નિર્માણની જનચેતના જગાવતા આગામી એક વર્ષમાં સંપૂર્ણ જિલ્લાને નિર્મળ જિલ્લો, શૌચાલયયુક્ત જિલ્લો બનાવવા આહવાન કર્યું હતું. મુખ્યમંત્રીએ શૌચાલયના અભાવને માતાઓ, બહેનો માટે દયનિય સ્થિતિ ગણાવતા વલસાડ જિલ્લાએ ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૦૦૧૦૦૪ સેવા શરૂ કરી, મિસ્ડ કોલ કરો, શૌચાલય મેળવો સેવાનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પહેલ સમગ્ર રાજ્ય માટે પથદર્શક બનશે તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બ્રાન્ડ એમ્બેસેડર તરીકે મોસ્ટ પોપ્યુલર ફિલ્મ એક્ટ્રેસ દિપીકા પદુકોણને પહેલી પસંદગી મળે, બીજાક્રમે સોનાક્ષી સિંહા અને ત્રીજાક્રમે પ્રિયંકા ચોપરા આવે... આમ તો જૂની થઈ ચૂકેલી પણ ગુજરાતીને પરણેલી જુહી ચાવલાને પણ ચાન્સ આપી શકાય તેવો છે...

દિલ્હી સરકાર ગુજરાત પેટર્ન ઉપર ...

ગુજરાતની અદલ પેટર્ન પ્રમાણે ભારત સરકારનો વહીવટ ચાલી રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા ૧૩ વર્ષમાં શરૂ કરાયેલી યોજનાઓનો અમલ કરવાની સીધી સૂચનાને પગલે કેન્દ્રીય મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓએ હવે ગુજરાતનો પ્રવાસ શરૂ કર્યો છે. ગુજરાતની પહેલી સ્કીમ પંચશક્તિ નો પરચો એનડીએ શાસનને મળી ગયો છે, જેના કારણે યુનિયન પાવર મિનિસ્ટરે આખા ભારતમાં ટ્વેન્ટી બાય સેવન વીજળી આપવાની પ્રક્રિયા શરૂ કરી છે. કેન્દ્રની ગંગા શુદ્ધિકરણની સ્કીમ હોય કે ક્લિન ઈન્ડિયા મુવમેન્ટ, કેબિનેટની ગોપનિયતા હોય કે પ્રધાનોના પર્સનલ સ્ટાફની પસંદગી...અરે.. મોદી સરકારે નક્કી કરેલા ૧૦૦ સ્માર્ટ સિટી ન્જેક્ટમાં ગુજરાતના ગિફ્ટ સિટીનું મોડલ જ કામ કરે છે...બધે જ ગુજરાત પેટર્ન અમલમાં આવી છે...

કોંગ્રેસને નવી શક્તિ અને સ્ફૂર્તિ મળી ...

પાછલી ચૂંટણીઓમાં નામશેષ થયેલી કોંગ્રેસને બાય ઈલેક્શનની આંશિક સફળતાથી નવી શક્તિ અને સ્ફૂર્તિ મળી છે એટલે આગામી ચૂંટણીઓ લડવા કોંગ્રેસ શ્વાસ લઈ શકશે. કોંગ્રેસના એક નેતાએ કહ્યું હતું કે અમારા ટોચના નેતાઓ જીતી શકે તેવા યુવા અથવા મહિલા ઉમેદવારને ટિકીટ આપે તો કોંગ્રેસ ફરીથી જીવંત બની શકે છે. તેઓ કહે છે કે ઓક્ટોબર-૨૦૧૫માં છ મહાનગરો, ૫૩ નગરપાલિકા, ૨૪ જિલ્લા પંચાયત અને ૨૦૮ તાલુકા પંચાયતની ચૂંટણી આવી રહી છે ત્યારે કોંગ્રેસ પાસે પ્રદેશ સંગઠનને મજબૂત કરવા આખા એક વર્ષનો સમય છે.

PM દર છ મહિને ગુજરાત આવે તો સારૂં ...

ભારતના પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી દર છ મહિને ગુજરાતનું એક ચક્કર લગાવે તો સારૂં તેવું તારણ અમદાવાદના પ્રબુદ્ધ નાગરિકોએ કાઢ્યું છે, કારણ કે જન્મદિન નિમિત્તે તાજેતરમાં ગુજરાત આવેલા પીએમ જયાં મહેમાન બન્યા ત્યાં રોડનું પેવરકામ, સફાઈ અને સુશોભન એટલું ઝડપી થાય છે કે જાણે કોઈ મશીન ગોઠવી દેવામાં આવ્યા હોય.. આ વિસ્તારોમાં હરવું ફરવું ગમે છે. વસ્ત્રાપુરની હોટલ હયાત સામે આવેલા એક ચોરા ઉપર ચર્ચા ચાલતી હતી કે ભલું થજો મોદી સાહેબનું કે તેઓએ આ જગ્યા પસંદ કરી... એક વડીલે એવું કહ્યું કે મોદી ગુજરાતમાં વારંવાર આવે અને અલગ અલગ વિસ્તારો, જિલ્લા અને શહેરોની મુલાકાત લેશે તો ગુજરાત બે જ વર્ષમાં નંદનવન બની જશે...

માતાજીની ભક્તિનો અવસર આવી ગયો ...

માતાજીની ભક્તિનો અવસર એટલે ગુજરાતના નવરાત્રીના ગરબા. આજે તો ગુજરાતનો ગરબો વિશ્વકક્ષાએ ધૂમ મચાવે છે. વિશ્વમાં જયાં જયાં ગુજરાતી પરિવારો રહે છે ત્યાં નવ દિવસ સુધી ગરબાની રમઝટ હોય છે. છેલ્લા ૧૩ વર્ષમાં નવરાત્રીને વિશ્વફલક ઉપર મૂકી દેવામાં આવતા તેની અસર રાજયો ઉપર થઈ છે. સાઉથ અને પૂર્વના રાજયોમાં પણ નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે. નવરાત્રી એટલી ઓળગોળ બની ચૂકી છે કે પરિવારના તમામ શુભ -સંગોએ ગરબાનો સ્લોટ ફરજીયાત મૂકવો પડે છે. ૨૫મી સપ્ટેમ્બર થી પાંચમી ઓક્ટોબર સુધીની નવ રાત્રીઓ ગુજરાતી પરિવારોએ અનામત કરી દીધી છે. એટલે આ સમયમાં કોઈ પ્રવાસ નહી થાય, કોઈ કાર્યક્રમો નક્કી નહી થાય, બસ, ભક્તિમાં લિન થશે...સરકારી નવરાત્રી દર વર્ષની જેમ અમદાવાદના આગણે થશે...

કાશ્મિરનું એક સત્ય, બાત તો બનતી હૈ ...

જમ્મુ-કાશ્મિરમાં પૂર પ્રકોપના કારણે હજી પણ એવા પરિવારો છે કે જેઓને સરકારી સહાય મળી નથી. બે ટંક ખાવાના ફાંફા છે. ઘરમાં અન્નનો દાણો નથી. અને દાણો છે તો તેને પકવવા માટે માચીચની તિલી નથી. એક ટીવી ચેનલના ઈન્ટરવ્યુમાં હિન્દુ મહારાજના શબ્દો છે કે-પૂરની આપત્તિમાં અમે દારૂણતામાં જીવીએ છીએ. સરકાર તરફથી અમને સહાય તો ઠીક પેટની આગ ઠારવા અન્નનો દાણો મળ્યો નથી. આખી જીંદગી અમે મુસ્લિમોથી અળગા રહ્યા. કોઈ મુસ્લિમનો હાથ અડે તો અમે નાહીને ઉપવાસ કરતા હતા. આજે આ મુસ્લિમ અમારા તારણહાર બન્યા છે. હિન્દુઓએ બનાવેલા સંગઠનો પાસે અઢળક સંપત્તિ છે છતાં તેમની તરફથી અમને રૂપિયો પણ મળ્યો નથી, જયારે મુસ્લિમોના એક ટ્રસ્ટ દ્વારા અમને ભોજન માટે અન્ન પૂરૂં પાડવામાં આવે છે. બે ટંક ખાવાનું અને સાધન સહાયનું વિતરણ કરવામાં આવે છે. વિકટ પરિસ્થિતિ વચ્ચે અમે કોમ-કોમ વચ્ચેનું વૈમનસ્ય ભૂલી ચૂક્યા છીએ *

જાણો છો મોદીની અડધી શક્તિ ક્યાં છે ...

સંઘના કાર્યકરમાંથી પ્રથમ ગુજરાતના ચીફ મિનિસ્ટર અને ત્યારબાદ દેશના પ્રાઈમ મિનિસ્ટર બનેલા નરેન્દ્ર મોદીની અડધી શક્તિ ક્યાં છે તે જાણો છો... એ છે અમિત અનિલચંદ્ર શાહ... મોદીનો પડછાયો. ૨૦૦૦ની સાલ થી ૨૦૧૪ સુધી એટલે કે અત્યાર સુધી મોદી સાથે જોડાયેલા એક ઉંચાકદના નેતા કે જેમણે ગુજરાતમાં કોંગ્રેસને ખતમ કરવામાં જરાય પાછીપાની કરી નથી. કોંગ્રેસના ટોચના નેતાઓને ભાજપનો ખેસ પહેરાવનારા અમિત શાહ ઓછું બોલે છે પણ વ્યવહારૂં છે. મિત્રો માટે જે કરવું પડે તે કરવું... વફાદારી સર્વશ્રેષ્ઠ ગુણ છે. રાજનિતીમાં ટેકનિકલ માઈન્ડ ધરાવતો ગુજરાત ભાજપનો ચહેરો આજે રાષ્ટ્રીય ભાજપનો તારણહાર બન્યો છે. ઉત્તર-દેશની ગલીઓમાં જઈને વિશાળ પાર્ટીઓને ધરાશયી કરીને ૮૦ માંથી ૭૧ બેઠકો મેળવવાના વિરલો ભાજપના હાઈકમાન્ડમાં પાક્યો નથી. રાજનિતીમાં અનેક યાતનાઓ ભોગવી ચૂકેલા આ અમિત શાહને આખી પાર્ટી નરેન્દ્ર મોદીની અડધી શક્તિ કહે છે...

ગુજરાતની ઉદ્યોગનિતીના ઘડવૈયા ...

ગુજરાતની ઉદ્યોગનિતી એ સરકારનું મહત્વનું પરિબળ છે. આ નિતીના કારણે ગુજરાતના મૂડીરોકાણમાં ઉત્તરોત્તર વધારો થયો છે. રાજયના કોઈ રાજનેતા પોલિસી બનાવતા નથી, તેઓ તો માત્ર સૂચનો કરે છે, પણ ખરો અમલ તો બ્યુરોક્રેસીના હાથમાં હોય છે. માધવસિંહ સોલંકી, અમરસિંહ ચૌધરી, કેશુભાઈ પટેલ, શંકરસિંહ વાઘેલા અને નરેન્દ્ર મોદીના શાસનમાં અનેક બ્યુરોક્રેટ્સ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી મેકર બન્યા છે. મોદીના શાસનમાં ડી. રાજગોપાલન અને મહેશ્વર શાહુનો રોલ હતો આજે સનદી અધિકારી અને ઉદ્યોગ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી ડી. જે. પાંડિયન આ રોલમાં આવ્યા છે. પાંડિયન એ ગુજરાતની નવી ઉદ્યોગનિતીના ઘડવૈયા બનશે. સચિવાલયના સૂત્રો કહે છે કે ઉદ્યોગનિતીની જાહેરાત નવેમ્બર-૨૦૧૪માં સંભવ છે કારણ કે જાન્યુઆરી-૨૦૧૫માં પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિ વચ્ચે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં મૂડીરોકાણનો વૈશ્વિક મેળો યોજાવાનો છે...

પહેલા મોદીની વિનંતી, હવે મોદીને વિનંતી ...

ભારતના પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી સપ્ટેમ્બરના અંતિમ દિવસોમાં અમેરિકાના પ્રવાસે છે ત્યારે તેમની સાથે જોડાવા માટે દેશના ટોચના ઉદ્યોગજૂથો ઉત્સુક બન્યા છે. ભારતના ટોચના ઉદ્યોગજૂથો તો મોદી સાથે યુએસએ જવાના છે પરંતુ

તેમની સાથે પ્રવાસમાં જવા બીજા કેટલાય ઉદ્યોગજૂથોએ પીએમઓમાં લોબિંગ શરૂ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. એક સમય હતો જયારે મોદીએ ગુજરાતમાં ૨૦૦૩માં પહેલી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ યોજી હતી ત્યારે ગુજરાત સરકારે ઉદ્યોગજૂથોને આ સમિટમાં જોડાવવા માટે આમંત્રણ આપ્યા હતા, એટલું જ નહી, ઉપસ્થિત રહેવા વિનંતીઓ પણ કરી હતી, આજે સ્થિતિ બદલાઈ છે. વાયબ્રન્ટ સમિટમાં જોડાવવા માટે કંપનીઓએ વિન